# માંસ - કેટલું હાનિકારક છે ?

**મુદ્દા -**

૧. આર્થિક રીતે થતું નુકસાન
૨. જીવ-વૈવિધ્યની દૃષ્ટિએ નુકસાન
૩. પ્રાણીઓની સંખ્યા-ગણતરી
૪. માંસ પૂરું પાડતાં પ્રાણીઓ
૫. કતલખાનાં
૬. જનતાનો વિરોધ
૭. માંસની નિકાસ અને તે અંગેની નીતિ
૮. ઉપસંહાર

## ૧.૧ . આર્થિક બરબાદી

એક તાજા અધ્યયનથી સાબિત થયું છે કે માંસની વિદેશોમાં નિકાસ કરીને મેળવેલી એક કરોડ રૂપિયાની આવક સામે દેશ પંદર કરોડ રૂપિયાની નુકશાની સહન કરે છે. નિઃશંક વાત છે કે માંસની નિકાસ દેશની અર્થવ્યવસ્થાનો નાશ કરી રહી છે.

કતલને કારણે ઝડપથી ઘટતી જતી ઢોરોની સંખ્યાને પરિણામે, છાણ, ઊન, જંતુનાશક દવાઓ તથા રાસાયણિક ખાતરોની આયાત માટેના ખર્ચનું પ્રમાણ આસમાને પહોંચી રહ્યું છે. વધુમાં, સરકારને અનેક પ્રકારની અન્ય સહાયતા-સવલતો પૂરી પાડવાની ફરજ પડે છે.

રાસાયણિક ખાતરોની આયાતનો ખર્ચ કે જે ઇ.સ. ૧૯૬૦-૬૧માં ૧૩ કરોડનો હતો તે ઇ.સ.૧૯૯૨-૯૩માં ૪૫૦૦ કરોડ પર પહોંચ્યો હતો અને એ ખર્ચ હજી વધી જ રહ્યો છે. એ જ રીતે, ઊન તથા પ્રાણીઓના વાળની આયાતની કિંમત જે ઇ.સ.૧૯૮૬-૮૭માં રૂપિયા ૯૬૭ કરોડ હતી તે ઈ.સ.૧૯૯૦-૯૧માં રૂપિયા ૨૩૯૪ કરોડની થઈ ગઈ હતી. ચાર જ વર્ષના ગાળામાં આયાત ખર્ચમાં થયેલો આ વધારો, આપણા પ્રાણીધનમાં થઈ રહેલા ચિંતાજનક ઘટાડાને આભારી છે.

પહેલાં તો દૂધનો સૂકો પાવડર તેમજ ઘી (બટર ઓઈલ)ની આયાત પર પ્રતિબંધ હતો; પણ પાછળથી એ ચીજોની આયાતની એટલા માટે છૂટ આપવામાં આવી કે જેથી દેશની અંદર ચાલતી દૂધના મબલખ ઉત્પાદનની યોજનાને બળ મળે. આ વસ્તુ ફરી એક વાર સાબિત કરે છે કે આપણી પાસે ગાયો તથા ભેંસો પૂરતી સંખ્યામાં નથી.

૧.૨ ભારતીય ઢોરોની વસ્તીની સારી એવી મોટી સંખ્યા નકામી છે(ઘડપણ, માંદગી તથા પ્રજનનની ઊણપોને લીધે મોટી સંખ્યામાં ઢોરો બિન-ઉપયોગી છે) એવો વ્યાપક મત વાંધો લેવા જેવો છે-કારણકે,

- ભારતીય ખેડૂતની આર્થિક અગ્રિમતા બજારને લક્ષમાં રાખીને નક્કી થતી અગ્રિમતા સાથે મેળ ધરાવતી નથી. આપણો ખેડૂત અનુભવથી જાણે છે કે જે પ્રાણી ઘાસની તંગીના સમયમાં કામ કરતું નથી કે દૂધ આપતું નથી અને કામચલાઉ રીતે વાંઝિયું કે અફળ છે તે પણ, ખૂબ આગળ વધેલી ઉંમરે સુધ્ધાં, પુનઃયુવાન કે પ્રજનનશીલ થવા સક્ષમ હોય છે.

- ભારતના ખેડૂતનો એનાં ઢોરો સાથેનો સંબંધ પરસ્પરને ઉપકારકર્તાનો છે નહિ કે ખોરાક માટે એક બીજા સાથે સ્પર્ધા કરવાનો.

- દુકાળના સમયે કે ઢોર દૂધ ન આપે ત્યારે ઢોરની કતલ કરવાથી તો પાછળથી ખેડૂત માટે જ જીવન મુશ્કેલ બની જાય છે; કારણકે, એ પ્રાણી જવાથી તો ખેડૂત ઉર્વરક ઊર્જા કે ખાતર ગુમાવે છે અને સાથેસાથે દુકાળના સમયે મળી રહેતી મદદરૂપ મહેનતથી વંચિત બને છે.

૧.૩ એક પ્રાણી, કોઈ એક ખાસ ખેડૂત માટે, એ ખેડૂતની એ પ્રાણીને નિભાવવાની અશક્તિને કારણે અને એ પ્રાણી પાસેથી એ ખેડૂતને મળનાર અપેક્ષિત લાભની દૃષ્ટિએ, બિન-ઉપજાઉ કે ઓછું ઉપજાઉ હોય; પણ એ જ પ્રાણી બીજા ખેડૂત માટે ઉપજાઉ સાબિત થાય છે કારણકે એ ખેડૂત એને ઘટાડેલી કિંમતે મેળવી શક્યો હોય છે અને એને નિભાવી શક્યો હોય છે.

આમ, આપણા દેશમાં, કહેવાતાં બિન-ઉપજાઉ અથવા ઓછાં ઉપજાઉ જાનવરોનો, સામૂહિક તથા સંગઠિત કતલ-દ્વારા, નાશ કરવાનું કોઈ રીતે ઈચ્છવાજોગ કે વ્યાવહારિક નથી.

૧.૪ એક ટ્રેક્ટર ૩-૪ પ્રાણીનું કામ કરે છે એ જોતાં આપણને બે કરોડ કરતાં વધુ ટ્રેક્ટરોની જરૂર પડે અને એને માટે આપણે ૬૦૦ અબજ રુપિયાની પેટ્રોલિયમ પેદાશો આયાત કરવી પડે.

આપણી આજની પેટ્રોલ-પેદાશોની આયાતની કિંમત રૂપિયા ૫૫૦૦ કરોડ છે. તો માત્ર ટ્રેક્ટરો માટે જ આપણે ૬૫૦૦ અબજ રૂપિયા ક્યાંથી લાવીશું? અને એનાથી જે પ્રદૂષણ ઉત્પન્ન થશે તેની કલ્પના કરી જુઓ!

ટ્રેક્ટરો ગરીબીને કાયમી બનાવે છે. આ વાત એ હકીકતથી સિધ્ધ થાય છે કે પંજાબ, હરિયાણા તથા પશ્ચિમ રાજસ્થાનના અનેક ખેડૂતોએ આફતમાં આવીને પોતાનાં ટ્રેક્ટરો જ વેચી માર્યાં છે.

૧.૫ બળદોથી આપણને ૪૦,૦૦૦ મેગાવૉટ ઊર્જા કે શક્તિ મળી શકે છે અને ઈ.સ. ૨૦૦૦ સુધીમાં આપણી અંદાજિત જરૂરિયાત ૬૦,૦૦૦ મેગાવૉટ ઊર્જા (શક્તિ)ની છે.

ઈ.સ. ૨૦૦૦ સુધીમાં આપણને ૬૦,૦૦૦ મેગાવૉટ ઊર્જા (શક્તિ) પૂરી પાડે તેટલી દૂકાળના સમયની પ્રાણી-શક્તિ (DAP)ની જરૂર છે જે સાડા બાર (૧૨.૫) કરોડ બળદો વડે પેદા થઈ શકે, જેને પરિણામે ૨૫ કરોડ ટન અનાજ ઉત્પન્ન કરી શકાય; ઉપરાંત, ૮૦ કરોડ ટન દૂધના ઉત્પાદનનું લક્ષ્યાંક પણ પ્રાપ્ત કરવાનું છે જેથી, આજના વપરાશના સ્તરે, આપણે આપણી માનવ-વસ્તીને ખાદ્યસામગ્રી પૂરી પાડી શકીએ.

૧.૬ નૈરોબી ખાતે ૧૯૮૧માં યોજાયેલી ઊર્જા અંગેની આંતરરાષ્ટ્રીય પરિષદમાં શ્રીમતી ઈન્દિરા ગાંધીએ કહ્યું હતું કે - જેટ વિમાનના આ યુગમાં લોકો, બળદગાડાનો ભૂતકાળના પ્રતીક તરીકે નિર્દેશ કરે છે. પણ, ભારતમાં તો, જેમની કુલ સ્થાપિત શક્તિ ૨૨,૦૦૦ મેગાવૉટની છે તેવાં આપણાં બધાં જ વીજળી ઉત્પાદન કરતાં મથકો કરતાં વધારે શક્તિ પ્રાણીઓ પૂરી પાડે છે. એમનું સ્થાન લેવા માટે આપણે કેવળ વીજળી પેદા કરવા માટે જ ૨૫૦૦-૪૦૦૦ કરોડ ડોલરનું વધુ રોકાણ કરવું પડે અને એથી આપણી ખાતરના રૂપમાં તથા સસ્તા બળતણના રૂપમાં જે ખેતીવિષયક અર્થવ્યવસ્થા છે તે નષ્ટ થશે તે તો છોગામાં.

૧.૭ મધ્ય અમેરિકામાં, અમેરિકાના સંયુક્ત રાજ્યો (યુ.એસ.એ.) ખાતે આવેલી, 'હમ્બર્ગર' નામની ખાદ્ય વાનગી વેચતી દુકાનને નિકાસ દ્વારા પહોંચાડવા માટે જે ગોમાંસ કે બીફનું ઉત્પાદન થાય છે તેના પરિણામે ઉષ્ણકટિબંધનાં જંગલોનો વ્યાપક રીતે નાશ થયો છે; જેને લીધે એ પ્રદેશના દેશોમાંથી કાર્બન ડાયોક્સાઈડ (ધૂમાડો) પ્રસરવાનું ચાલું

થયું છે. આ બાબતોને લક્ષમાં રાખીને, આંતરરાષ્ટ્રીય સ્તરે ચાલતી ઊર્જા-પ્રવાહને જાળવી રાખવાની યોજનાએ ખાસ સૂચન કર્યું છે કે સમૃધ્ધ દેશોની ગોમાંસ-ભક્ષણની પ્રવૃત્તિ પર "હવામાન વેરો" (ક્લાઈમેટ ટેક્ષ) લાદવો જોઈએ.

૧.૮ આપણા દેશમાં એવા પ્રયોગો થયા છે જેનાથી જાણી શકાય છે કે રાસાયણિક ખાતરો કરતાં કુદરતી ખાતરો વધારે કાર્યક્ષમ છે. આ વાત નીચેના કોઠા પરથી સ્પષ્ટ થાય છે -

| વપરાયેલા ખાતરની જાત | મકાઈની સરેરાશ ઊપજ(ક્વિન્ટલમાં/હેક્ટર દીઠ) | | | |
|---|---|---|---|---|
| | વર્ષ ૧-૧૨ | ૧૩-૧૮ | ૧૯-૨૪ | ૨૫-૨૮ |
| એનપીકે | ૩૧.૭ | ૩૨.૩ | ૮.૨ | ૧.૨ |
| એફવાયએમ | ૨૨.૭ | ૨૫.૯ | ૨૭.૫ | ૨૫.૯ |

(આ માહિતી, લાલ અને માથુરે, ૧૯૮૮માં 'ઈન્ડીયન કાઉન્સિલ ઓફ એગ્રિકલ્ચરલ રિસર્ચ'ના નેજા હેઠળ કરેલા સંશોધનમાંથી મળી છે.)

૧.૯ જ્હૉન રોબિન્સે, એમના પુસ્તક "નવા અમેરિકા માટે ભોજનમાં ઘણીબધી વિગતો આપી છે જેમાંથી થોડીક નીચે ટાંકીએ છીએ -

- ઢોર મારફતે અનાજ રૂપાંતરિત થતાં ૯૦% પ્રોટિન નષ્ટ થાય છે.
- ઢોર મારફતે અનાજ રૂપાંતરિત થતાં ૧૦૦% ખાદ્ય રેષાઓ નાશ પામે છે.
- એક એકર જમીનમાં ૨૦,૦૦૦ પાઉન્ડ (શેર) બટાટા ઉગાડી શકાય છે.
- એક એકર જમીન પર ૧૬૫ પાઉન્ડ (શેર) ગોમાંસ પેદા થઈ શકે છે.
- માંસાહારી વ્યક્તિને ખોરાક પૂરો પાડવા માટે વપરાતી જમીન પર ૨૦ શુદ્ધ શાકાહારી વ્યક્તિઓને ખોરાક પૂરો પાડી શકાય તેટલું ઉત્પાદન લઈ શકાય છે.
- ૧ પાઉંડ (શેર) ઘઉં ઉત્પન્ન કરવા માટે ૨૫ ગેલન પાણી જરૂરી છે.
- ૧ પાઉંડ (શેર) માંસ પેદા કરવા માટે ૨૫૦૦ ગેલન પાણીનો ખપ પડે છે.
- જો અમેરિકાના કરદાતાઓના પૈસે માંસ ઉદ્યોગને મફતમાં આર્થિક મદદ ન મળતી હોય તો સાધારણ 'હેમ્બર્ગર' (ભોજનની વાનગી) માટેના માંસની કિંમત ૩૫ ડોલર થાય.
- ઘઉંમાંથી ૧ પાઉન્ડ (શેર) પ્રોટિન મેળવવા માટે આજે કરવો પડતો ખર્ચ દોઢ ડોલર (૧.૫ ડોલર) છે.

૧.૧૦ સરકારના પશુપાલન વિભાગને હું વારંવાર વિનંતિ કરતો રહ્યો છું કે માંસની ખરી કિંમત(ખર્ચ)ની તપાસ કરવા એક સમિતિ રચો પણ એ વિભાગ હજી સહમત થતો નથી.

## ૨.૦ જીવ-વૈવિધ્યનું નુકશાન

૨.૧ ડૉ. એમ.એસ. સ્વામિનાથને નીચેનાં મંતવ્યો પ્રગટ કર્યા છે -

- વૈશ્વિક જીવશાસ્ત્રીય વિવિધતા અંગેની પરિષદ ૨૯મી ડિસેમ્બર, ૧૯૯૩ થી અમલમાં આવી છે. ૩૪ દેશોએ એને ટેકો જાહેર કર્યો છે/માન્યતા આપી છે. જિનિવામાં એક વચગાળાનું સચિવાલય પણ સ્થપાયું છે.

- વનસ્પતિ તથા પ્રાણીઓની જે જાતોનો સમૂળગો નાશ થવાની ભીતિ છે તેવી ૪૧,૦૦૦ વનસ્પતિ-જાતો તથા ૬,૦૦૦ પ્રાણી-જાતોનો, કેંબ્રિજસ્થિત 'વૈશ્વિક સંરક્ષણ પર્યવેક્ષક કેન્દ્ર' નામની સંસ્થાએ, જ્યારે ઉલ્લેખ કર્યો છે ત્યારે જ બરાબર ઉપરોક્ત પરિષદ કાર્યરત થઈ રહી છે.

- બીજી બાજુ, જીવશાસ્ત્રીય વૈવિધ્યની આર્થિક મૂલ્યવત્તા વધી રહી છે કેમકે એ વૈવિધ્ય કે સમૃધ્ધિથી (૧) ગરીબ ખેડૂતોનાં સંસાધનોને સલામતીનું કવચ મળે છે અને (૨) જીવશાસ્ત્રીય સાધનસરંજામ પેદા કરતા ઉદ્યોગોને અમૂલ્ય પૂરક-પોષક જથ્થો સાંપડે છે.

- આપણી રાષ્ટ્રીય જીવવૈવિધ્ય સંરક્ષણ-વ્યવસ્થામાં પરંપરાગત તેમજ નવીનતમ પ્રકારનાં સાધનોના સમન્વયની પદ્ધતિ ઉમેરવી જોઈએ.

- ઊછેર કરનારના અબાધિત અધિકારોની માન્યતા તથા સુરક્ષાને વરેલી પદ્ધતિ આપણે વિકસાવવી જોઈએ.

૨.૨ નીચેના ઉદાહરણ પરથી દરેક વનસ્પતિ/પ્રાણી જાતીની કિંમતની કલ્પના કરો

- અમેરિકાના પર્યાવરણવિજ્ઞાની ડૉ. રોબર્ટ પ્રેસકોટ-એલેના અંદાજ મુજબ, અમેરિકાનું અર્થતંત્ર દર વર્ષે ૨૦૦૦ અબજ રૂપિયાની કિંમતના કુદરતી/જંગલી જીવાણુકોષો બીજા દેશો પાસેથી મોકળા મને લઈ લે છે જે આપણી આઠમી પંચવર્ષીય યોજનાનો ૧/૪(૨.૫%) ભાગનો ખર્ચ છે.


૨.૩ પ્રાણીની એક જાતિની બરબાદી કે ધ્વંસ સુધ્ધાનું મૂલ્ય અંદાજી શકાય તેમ નથી હોતું; કેમકે, જો આપણે એ મૂલ્ય ૩૦૦૦ કરોડ ડૉલર જેટલું આંકીએ (અને આપણો દેશ કુલ વિદેશી લોન લે છે તેનું મૂલ્ય આટલું છે.) તો પણ એ અલ્પોકિત જ ગણાશે; કેમકે એ નષ્ટ થઈ ગયેલી પ્રાણીજાત ફરીથી કદી પાછી મેળવી શકાય તેમ નથી. મેરી-ક્રિસ્ટીન કોમ્ટેએ જે કહ્યું છે તેથી આ દલીલને પુષ્ટિ મળે છે.

"કઠોર અને પ્રતિકૂળ વાતાવરણજન્ય પરિસ્થિતિઓ સાથે બરાબર અનુકૂળ થયેલાં સ્થાનિક પ્રાણીજૂથોને બદલે, ઘણીવાર, બહારથી આયાત કરેલાં, અવનવીન પ્રાણીજૂથોને લાવવામાં આવે છે જે પ્રાણી-જાતો તેમના વતનના દેશોમાં વધુ ઉત્પન્ન આપતાં હોય એમ બને; પણ આયાત કરનાર દેશમાં ગયા પછી એ એટલાં બધાં સફળ થતાં નથી જેટલાં તેમના વતનમાં સફળ થાય છે. આ દરમિયાન, દેશની સ્થાનિક પ્રાણી-જાતો ધીમે ધીમે લુપ્ત થતી જાય છે; અથવા લુપ્ત થઈ જ ગઈ હોય છે. યુરોપના જીવંત પશુઓના ૧૯૮૪માં કરવામાં આવેલા એક સર્વેક્ષણે દર્શાવ્યું છે કે કુલ ૭૦૦ પ્રાણી-જાતોની મોજણી કરતાં, તેમાનાં ૧/૩ ભાગનાં પ્રાણીજૂથો નેસ્તનાબૂદ કે નામશેષ થઈ જવાની આરે આવીને ઊભાં હતાં. આ જોતાં, વિકાસશીલ દેશોમાં તો પરિસ્થિતિ વધારે ખરાબ હોવાનો સંભવ છે".

" હંમેશની માફક યાંત્રીકરણને લીધે ગ્રામીણ સમાજોને સામાજિક નુકસાની વેઠવી જ પડે છે - એ સમાજોમાં, પ્રાણી-ઊછેરની જે આવડતો કે કૌશલ મોજૂદ છે તેની તથા પ્રાણીઓ જે આવક ઉત્પન્ન કરી આવે છે તેની નુકસાની અવશ્ય ભોગવવાની રહે છે."

૨.૪ મેં ભારતીય પશુ-જાતોનું એક કોષ્ટક (કોઠો) બનાવ્યું છે - આ પશુ-જાતો એવી છે જે તેમના દૂધ તથા દુર્ભિક્ષમાં ટકી રહેવાની શક્તિ એ બન્ને માટે જાણીતી છે. પણ આ અંગેનું ચિત્ર ખૂબ જ વ્યથિત કરે તેવું છે.

૧. નકશામાં બતાવ્યા પ્રમાણે હવામાનના વિસ્તારો મુજબ, આપણી પ્રાણી-જાતો હજારો વર્ષ દરમિયાન વિકસિત થઈ હતી.



૨. દુર્ભિક્ષ કે દુકાળમાં ટકી રહેવાની શક્તિવાળી ૨૮ પ્રાણી-જાતો -

| | | | |
|---|---|---|---|
| ૧. નાગોરી | ૮. પનવર | ૧૫. હરિયાણા | ૨૨. કાંકરેજી |
| ૨. બર્ગુર | ૯. હોલ્લિકર | ૧૬. ઓંગોલે | ૨૩. લાલ કંદહારી |
| ૩. માળવી | ૧૦. કૃષ્ણ-ખીણ | ૧૭. ગિર | ૨૪. સિંધી |
| ૪. સિરિ | ૧૧. બાચૌર | ૧૮. રાથી | ૨૫. ગિર |
| ૫. અમૃતમહલ | ૧૨. કંગયમ | ૧૯. ડાંગી | ૨૬. સાહિવાલ |
| ૬. ખિલ્લારી | ૧૩. ખૈરગઢ | ૨૦. દેવની | ૨૭. થરપાર્કર |
| ૭. કંકઠ | ૧૪. ગાઓલાઓ | ૨૧. નિમારી | ૨૮. મેવાતી (કોશી) |

૩. ઉપરની ૨૮ જાતો ઉપરાંત બીજી આઠ જાતો નીચે દર્શાવી છે પણ તેમનાં લક્ષણો હાલ ઉપલબ્ધ નથી -

| | | | |
|---|---|---|---|
| ૧. અલંબાડી | ૩. પુલિકુલમ | ૫. પુલિકુલમ | ૭. કેવી શ્યામ |
| ૨. ખડિયાલી | ૪. બિંઝરપુરી | ૬. ઉમલાચેરૂરી | ૮. શાહબાદી |

૪. નીચેની છ જાતો નષ્ટ થઈ ગઈ છે.

| | | |
|---|---|---|
| ૧. અલંબાડી | ૩. બિંઝરપુરી | ૫. ખટિયાલી |
| ૨. પુલિકુલમ | ૪. બર્ગુર | ૬. રાયચુરી |

૫. થરપારકર જાતિ નાશ થવાની અણી પર છે. અહીંના બળદો, ઝડપી ઘોડાઓ કરતાં, વધારે ઝડપથી એટલે કે ૨૪ કલાકમાં ૨૦૦ કિ.મી. મુસાફરી કરતા હતા.

૬. સંકર જાતીનાં વધારે દૂધાળાં ઢોરોનો ઝડપી વિકાસ કરવાના કાર્યક્રમોને લીધે બીજી પણ ઘણી જાણીતી પ્રાણી-જાતો નાબૂદ થઈ જશે; કેમકે નવી સંકર જાતોમાં વધુને વધુ ભાર દૂધના પ્રમાણ પર મુકાયછે અને પ્રાણીની દુર્ભિક્ષ સહેવાની શક્તિને ઓછી માનવામાં કે અવગણવામાં આવે છે.

## ૩.૦ પ્રાણીઓની વસ્તી-ગણતરી

૩.૧ ૧૯૮૭માં ઢોરોની સંખ્યા ૧૯.૯૫ કરોડની હતી એવું જણાવાયું છે - માત્ર ૫.૪ કરોડનો જ વધારો બતાવાયો છે. પણ આ ગણના ભૂલ ભરેલી છે એ સમજાવી ચૂક્યા છીએ. દસ રાજ્યોમાં ઢોરોની સમગ્ર સંખ્યામાં ઘટાડો થયેલો છે. ઢોરોની સંખ્યામાં વૃધ્ધિના થોડા દાખલા નીચે રજૂ કરીએ છીએ જે સાબિત કરે છે કે એ આંકડા તદ્દન અવાસ્તવિક છે -

| | |
|---|---|
| મણિપુર રાજ્ય | + ૧૪૨.૯% |
| અરુણાચલ રાજ્ય | + ૭૨.૪% |
| મિઝોરમ રાજ્ય | + ૩૪.૪% |
| પશ્ચિમ બંગાળ રાજ્ય | + ૩૨.૧% |
| બિહાર રાજ્ય | + ૨૪.૩% |
| ત્રિપુરા રાજ્ય | + ૨૧.૮% |

જો માત્ર બિહાર અને પ.બંગાળ એ બે જ રાજ્યોની સંખ્યા સુધારીને ૫% વધારે ગણીએ (જો કે એ પણ શંકાસ્પદ છે) તો સરવાળે પ્રાણીઓની સંખ્યા ૭.૨૯ કરોડ થાય જે ૫.૧૪ કરોડના વધારાને સ્થાને ૨.૫ કરોડનો કુલ ઘટાડો બતાવે છે.

૩.૨ ભેંસો અંગે નીચે આપેલો અપૂર્વ વૃદ્ધિદર પણ એવો જ અવાસ્તવિક છે -

| | |
|---|---|
| હિમાચલ પ્રદેશ | + ૩૯૩.૮% |
| મણિપુર | + ૧૪૩.૧% |
| નાગાલેન્ડ | + ૬૬.૬% |
| દિલ્હી | + ૬૩.૧% |

અરુણાચલ પ્રદેશ, દાદરા-નગર હવેલી અને ત્રિપુરા જેવાં રાજ્યો માટેના આંકડા વધઘટ વિનાના સ્થગિત જોવા મળે છે. કેરલ રાજ્ય માટે ૧૯.૬% નો, આસામ માટે ૧૮.૮% નો અને સિક્કિમ માટેનો ૨૫% નો ઘટાડો દેખાય છે.

૩.૩ બકરાની સંખ્યાનો કોઠો જોતાં પણ વૃધ્ધિદરના કેટલા ચોંકાવનારા આંકડા જોવા મળે છે -

| | |
|---|---|
| મણિપુર રાજ્ય | + ૧૨૦% |
| પશ્ચિમ બંગાળ | + ૧૦૯% |
| દિલ્લી | + ૫૭% |
| જમ્મુ-કાશ્મીર | + ૪૭.૧% |
| બિહાર | + ૨૨.૨% |

જ્યાં વસતીનો ઘટાડો નોંધાયો છે તેવાં ધ્યાનપાત્ર રાજ્યો-

| | |
|---|---|
| પંજાબ | -૪૧.૬% |
| પોંડિચેરી | -૩૭.૭% |
| મિઝોરમ | -૨૮.૬% |
| રાજસ્થાન | -૧૮.૩% |

આમછતાં પણ, ૧.૫૦ કરોડનો કુલ વધારો ગણ્યોછે અને ૧૫.૭% નો વૃધ્ધિદર માન્યોછે એ વાસ્તવિક નથી.

૩.૪ સદ્‌ભાગ્યે ઘેટાંની વસ્તીની સ્થિતિમાં તેમની કુલ ૨.૩૮ કરોડની સંખ્યામાં ઘટાડો દર્શાવ્યો છે - પણ આમાં પણ નીચેનાં રાજ્યોમાં/કેન્દ્ર શાસિત પ્રદેશોમાં અસાધારણ વધારો થયેલો આલેખ્યો છે -

| | |
|---|---|
| કેરલ રાજ્ય | + ૩૨૮.૬% |
| મણિપુર | + ૭૦૦.૦૦% |
| પશ્ચિમ બંગાળ | + ૯૫.૭% |
| જમ્મુ-કાશ્મીર | + ૩૪.૦% |

જે રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં ભારે ઘટાડો થયો છે તે આ છે -

| | |
|---|---|
| પોંડિચેરી | - ૪૪.૪% |
| મેઘાલય | - ૪૨.૩% |
| ત્રિપુરા | - ૪૦.૪% |
| ગુજરાત | - ૩૩.૯% |
| આસામ | - ૩૩.૦% |
| રાજસ્થાન | - ૨૫.૮% |
| મધ્યપ્રદેશ | - ૧૨.૯% |

પ્રશ્ન એ છે કે ભારત સરકારે બહાર પાડ્યા મુજબ ૧૦૦ થી ૭૦૦% નો વધારો કે સંખ્યાવૃદ્ધિ શક્ય કેવી રીતે ગણાય?

## ૪.૦ માંસ આપતાં પ્રાણીઓ

૪.૧ માંસના ઉત્પાદન માટે મારી નાખવામાં આવતાં પ્રાણીઓ આ મુજબ છે-

| | ૧૯૮૯ | ૧૯૯૧ | ૧૯૮૯ | ૧૯૯૧ | % વધારો |
|---|---|---|---|---|---|
| | (માંસ ટનમાં) | | (સંખ્યા લાખમાં) | | |
| ગાય જેવાં ઢોર/પશુ | ૨૩૪ | ૮૫૭ | ૨૯.૨૬ | ૧૦૭.૧૩ | ૩૬૬% |
| ભેંસો | ૩૫૫ | ૯૭૮ | ૪૪.૩૭ | ૧૨૨.૨૫ | ૨૭૫% |
| બકરાં | ૩૮૫ | ૪૨૦ | ૪૨૭.૭૮ | ૪૬૬.૬૭ | ૯% |
| ઘેટાં | ૧૫૮ | ૧૬૬ | ૧૭૫.૫૬ | ૧૮૪.૪૫ | ૫% |
| ડુક્કર | ૮૬ | ૩૬૧ | ૨૬.૮૮ | ૧૧૨.૮૧ | ૪૧૯% |
| મરઘાં-બતકો | ૨૪૦ | ૩૬૮ | -- | -- | ૧૫૩% |

૪.૨ શ્રીમતી મેનકા ગાંધીએ દાવો કર્યો છે કે માંસ દેતાં પ્રાણીને લીધે આપણી ૧૦ કરોડ હેક્ટર જમીન ગુણવત્તાહીન બની ગઈ છે. મેં આ બાબતે તા. ૩૦-૧૨-૧૯૯૪ ના રોજ શ્રી કમલનાથનું ધ્યાન દોર્યું હતું અને ૧૦-૧-૧૯૯૫ના રોજ વચગાળાના જવાબમાં તેઓશ્રીએ મને જણાવ્યું હતું કે મારો પત્ર જરૂરી કાર્યવાહી માટે લાગતાવગળતા વિભાગને પાંઠવવામાં આવ્યો હતો. આ અંગે બીજી વધુ માહિતી મને મળી નથી. એટલે જ શ્રીમતી મેનકા ગાંધીની વાતમાં ઘણું વજૂદ છે એમ લાગે છે.

૪.૩ ગાય જેવાં પ્રાણીઓની સંકરજાતિ લાવવાથી ખૂંધની નુકસાની થવા ઉપરાંત, એનાથી ગરમી સહન કરવાની તાકાત પણ ઘટવા પામે છે; કારણ કે ઠંડા હવામાનથી ટેવાયેલા બળદોનો ઉપયોગ કરીને સંકરજાતિ પેદા કરાય છે. એ સંકરજાતિનાં ઢોર રોગનાં જલદી શિકાર બની શકે તેવાં હોય છે.

વળી, સંકરજાતિના વાછરડા કતલખાને જતા રહે છે અને તેથી દેશને બળદોથી વંચિત રહેવું પડે છે. સંકરજાતિની પેદાશોને ઊંચી ગુણવત્તાવાળો ખોરાક, પુષ્કળ લીલું ઘાસ, અનાજ, તથા ભારે ખાણ-દાણો જોઈએ છે જ્યારે આપણા ભારતીય વંશો ગરમી સહેવા સમર્થ હોય છે, રોગપ્રતિકાર કરવા સક્ષમ હોય છે અને તેમને ખોરાકમાં સૂકું ખડ(ઘાસ), અલ્પ પ્રમાણમાં જ લીલું ઘાસ, લગભગ નહી જેવાં જ અનાજ-દાણા આદિ જોઈએ છે. આવાં દેશી ગાય જેવાં પશુઓને તેલિબિયાંનો ખોળ પણ નથી મળવા દેવાતો કારણકે દર વર્ષે ૩૦ લાખ ટન ખોળની વિદેશોમાં નિકાસ કરવા દેવાય છે !

૪.૪ મદ્રાસની ચામડા અંગેની સંશોધન સંસ્થાએ તેના ૧૯૮૭ના અહેવાલમાં જે સૂચન કર્યું છે તેમાંથી, હવે, હું અવતરણ આપું છું -

માંસ આપનારાં પ્રાણીઓનાં વ્યવસ્થિત ઊછેર-કેન્દ્રોનુ મહત્ત્વ સ્વીકારવાનો સમય પાકી ગયો છે; અને એવાં કેન્દ્રોને સતત પીઠબળ/સમર્થન મળી રહેવું જોઈએ. અત્યારે પ્રવર્તતી યુવાન તથા ઉત્પાદક પશુઓની અવિચારી કતલ પદ્ધતિને રોકવાની તાતી જરૂર છે અને સાથે સાથે માંસ માટેનાં પ્રાણીઓનો એકંદર પુરવઠો વધારવાની પણ તાતી જરૂર છે.

હું યુવાન અને ઉત્પાદક પ્રાણીઓની કતલને વખોડી કાઢું છું; સાથે સાથે કતલ માટે જ પ્રાણીઓને ઊછેરવાની હિલચાલને ટેકો આપવા પણ અસમર્થ છું.

૪.૫ કતલ થતાં પ્રાણીઓ અને તેમની સંખ્યાની ટકાવારી -

| | દુનિયામાં | ભારતમાં |
|---|---|---|
| ગાય વગેરે પ્રાણી | ૨૩.૬ | ૧૦.૮ |
| ભેંસ | | ૨૦.૭ |
| બકરાં | ૩૮.૯ | ૬૭.૯ |
| ઘેટાં | ૩૬.૭ | ૬૦.૪ |

બીજા દેશોની સરખામણીએ ભારતમાં ઘેટાં-બકરાંની કતલનું પ્રમાણ ઘણું વધારે છે તેનું મુખ્ય કારણ છે- માંસ ઉદ્યોગ માટે પ્રાણીઓના પુરવઠા માટેનું ભારે દબાણ. આપણે ત્યાં ગાયો-ભેંસોનો સાથે મળીને જે કતલ-દર છે તે દુનિયાના દર કરતાં ૧૫૦% છે.

૪.૬ ચામડા માટે સંશોધન કરતી મદ્રાસની ઉપરોક્ત સંસ્થાએ "રાષ્ટ્રીય કતલ-નીતિ" માટે, ઉપલબ્ધ અને ભાવિ પ્રાણી-સંખ્યાની કાળજીભરી વિચારણા કર્યા પછી અને બીજાં પાસાંનો અભ્યાસ કર્યા પછી, એક પ્રસ્તાવ રજૂ કર્યો છે.

માંસ-ઉદ્યોગને સતત પ્રાણી-પુરવઠો મળતો રહે તથા ચામડાના ઉદ્યોગોને ચામડાનો પુરવઠો બરાબર મળી રહે તે માટે રાષ્ટ્રીય કતલ-નીતિનો ધ્યેય જીવંત પ્રાણીઓની સમૃધ્ધિમાં વધારો થાય તે જોવાનો હોવો જોઈએ.

(ઉપરોક્ત સંસ્થાનો અહેવાલ ૧૯૮૭, પૃ.૯૬)
આ તે કેવું વિકૃત ચિંતન છે ! પ્રાણીઓની જાળવણી, સંરક્ષણ અને ઊછેર-વિકાસને બદલે એમની કતલની નીતિ ઘડવા માટે ભલામણ કરવામાં આવે છે! આ વાત જ અકલ્પ્ય છે. ખાસ કરીને આપણા દેશના બંધારણની કલમો ૪૮ તથા ૫૧એ(જી) ની દૃષ્ટિએ -

૫.૩ લાગુ પડતાં ધારાધોરણની યાદી -

| | | |
|---|---|---|
| ૧. | આઈએસ ૧૯૮૨ : ૧૯૭૧ | માંસ દેતાં પ્રાણીની મરણ પૂર્વેની તથા મર્યા પછીની તપાસની પધ્ધતિનો ધારો (પહેલો સુધારો) |
| ૨. | આઈએસ ૭૦૫૩ : ૧૯૭૩ | નાના પ્રાણીઓના માંસના વેચાણ માટેની દુકાન માટે પાયાની જરૂરિયાતો. |
| ૩. | આઈએસ ૮૭૦૦ : ૧૯૭૭ | મોટા પ્રાણીઓના માંસના વેચાણ માટેની દુકાન (સ્ટોલ)ની પાયાની આવશ્યકતા |
| ૪. | આઈએસ ૮૮૯૫ : ૧૯૭૮ | કતલખાનાની આડ-પેદાશોની વ્યવસ્થા, સંગ્રહ તથા સ્થળાંતર માટે માર્ગદર્શક નિયમો |
| ૫. | આઈએસ ૪૧૫૭(ભા-૨) ૧૯૮૩ | પ્રાણી-ધનને લાવવા-લઈ જવાનો ધારો; રેલ્વે માર્ગે તથા રોડ મારફતે જીવતાં પશુઓની હેરફેર (પ્રથમ સુધારો) |
| ૬. | આઈએસ ૪૧૫૭(ભા-૩) ૧૯૮૩ | પ્રાણીઓને લાવવા-લઈ જવાનો નિયમ; ઘેટાં-બકરાંની રેલ્વે રસ્તે તથા રોડ મારફતે હેરફેર (પ્રથમ સુધારો) |
| ૭. | આઈએસ ૫૨૩૫ : ૧૯૬૨ | ડુક્કર કે ભૂંડને રેલ્વે દ્વારા લાવવા-લઈ જવાનો ધારો (પ્રથમ સુધારો) |
| ૮. | આઈએસ ૪૩૯૩ : ૧૯૬૭ | કતલખાનાં માટે મૂળભૂત જરૂરી બાબતો (પ્રથમ સુધારો) |
| ૯. | આઈએસ ૧૩૦૬૧ : ૧૯૯૧ | માંસ અને માંસની પેદાશો-સલ્મોનેલોની ભાળ મેળવવા અંગે (રેફરન્સ પદ્ધતિ) |
| ૧૦. | આઈએસ ૬૬૨૮ : ૧૯૭૨ | કતલખાનાંમાં ઉપયોગ માટે સરકતા પાટા અંગે |
| ૧૧. | આઈએસ ૬૧૮૨ : ૧૯૭૨ | હૉગ ગેમ્બલ્સ |
| ૧૨. | આઈએસ ૬૯૫૦ : ૧૯૭૩ | ભૂંડો માટે હૂક્સ (પિગ-હૂક્સ) |
| ૧૩. | આઈએસ ૭૮૯૧ : ૧૯૭૩ | અખાદ્ય ઓફલ ટ્રોલિઝ |
| ૧૪. | આઈએસ ૭૯૮૯ : ૧૯૭૫ | ભૂંડ માટે બેભાન બનાવવા વીજળીથી સંચાલિત ચીપિયા |
| ૧૫. | આઈએસ ૧૧૫૩૩ : ૧૯૮૫ | ઘેટાંની ચામડી લેવા માટે જરૂરી હૂક |
| ૧૬. | આઈએસ ૧૧૬૩૧ : ૧૯૮૫ | ઘેટાં-બકરાં માટે ગેમ્બ્રેલ |
| ૧૭. | આઈએસ ૧૨૧૯૦ : ૧૯૮૭ | ઘેટાંને પહોળું કરવાનું સાધન |
| ૧૮. | આઈએસ ૧૨૧૯૦ : ૧૯૮૭ | ઘેટાંનું લોહી ટપકાવવા સાંકળ |
| ૧૯. | આઈએસ ૧૨૪૮૬ : ૧૯૮૮ | માંસ-પરીક્ષણનું મેજ |
| ૨૦. | આઈએસ ૧૨૪૮૭ : ૧૯૮૮ | નાના પ્રાણીઓ માટે વ્યવસ્થાનું ઓફલ મેજ |

ઉપરોક્ત ૨૦ ધારાધોરણોમાંથી, ૪૩૯૩, ૧૯૮૨ તેમજ ૧૩૦૬૧એ ત્રણ ધારાધોરણો કતલખાનાં માટે મહત્તવનાં છે.

૫.૪ ૪૩૯૩ : ૧૯૬૭ મુજબ, પ્રાણીઓને ઓછામાં ઓછા ચોવીસ કલાક આરામ આપવાનું, વિવિધ ક્રિયાઓ માટે યોગ્ય જગ્યા રાખવાનું, ગરમ-ઠંડા પાણીનો પુરવઠો રાખવાનું, વરાળ વગેરેનો પ્રબંધ રાખવાનું આવશ્યક છે; પણ આ બધું કતલખાનાંદ્વારા થતું નથી.

બંધારણની કલમ ૪૮ કહે છે : "ખેતી તથા પશુપાલનને દેશની સરકાર આધુનિક તથા વૈજ્ઞાનિક ઢબે ગોઠવાશે અને ગાયો, વાછરડાં તથા દૂધાળાં અને કઠોર પરિશ્રમી ઢોરોની જાતો સાચવવા-સુધારવા માટે તેમજ તેમની કતલ પ્રતિબંધિત કરવા માટે પગલાં લેવાની ખાસ કાળજી રાખશે."

બંધારણની કલમ ૫૧એ(જી) કહે છે : "દરેક દેશવાસીની એ ફરજ બની રહેશે કે એ વનો, સરોવરો, નદીઓ અને વન્યજીવો સહિતના કુદરતી પર્યાવરણનું રક્ષણ તથા સંવર્ધન કરશે અને જીવતાં પ્રાણીઓ કે તમામ જીવો માટે દયા કેળવશે."

## ૫.૦ કતલખાનાં

| | | | | |
|---|---|---|---|---|
| ૫.૧ | કર્ણાટક રાજ્ય | ૬૬૩ | હિમાચલ પ્રદેશ રાજ્ય | ૩૭ |
| | મહારાષ્ટ્ર રાજ્ય | ૪૧૩ | પશ્ચિમ બંગાળ રાજ્ય | ૧૧ |
| | ઉત્તરપ્રદેશ રાજ્ય | ૪૦૭ | નાગાલેન્ડ રાજ્ય | ૬ |
| | રાજસ્થાન રાજ્ય | ૩૮૦ | આસામ રાજ્ય | ૫ |
| | આંધ્રપ્રદેશ રાજ્ય | ૩૮૭ | પોંડિચેરી (કે.શા.પ્ર.) | ૨ |
| | તામિલનાડુ રાજ્ય | ૧૮૩ | અરુણાચલ | ૨ |
| | મધ્યપ્રદેશ રાજ્ય | ૧૪૪ | ગોવા રાજ્ય | ૧ |
| | ઓરિસ્સા રાજ્ય | ૧૨૭ | આંદામાન-નિકોબાર (કે.શા.પ્ર.) | ૧ |
| | બિહાર રાજ્ય | ૪૭ | દિલ્હી રાજ્ય | ૧ |
| | પંજાબ રાજ્ય | ૯૧ | ચંડિગઢ (કે.શા.પ્ર.) | ૧ |
| | હરિયાણા રાજ્ય | ૩૯ | સિક્કિમ રાજ્ય | ૧ |
| | કેરળ રાજ્ય | ૩૮ | જમ્મુ-કાશ્મીર રાજ્ય | ૧ |
| | ગુજરાત રાજ્ય | ૩૮ | | |

મણિપુર, મિઝોરમ, મેઘાલય, દાદરા-નગરહવેલી, લક્ષદ્વીપ આ પ્રદેશો-રાજ્યોમાં એક પણ કતલખાનું નથી. ('ભારતમાં ડેરી ઉદ્યોગ' એ પત્રિકામાં (૧૯૯૫) પૃ.૩.૨૯ ઉપર આપેલી માહિતી પરથી)

ભારત સરકારના પશુ-પાલન તથા ડેરી ઉદ્યોગ વિભાગ પાસેથી કતલખાનાં વિશે વિસ્તૃત યાદી મેળવવા માટે હું એક વર્ષથી વધુ સમયથી પ્રયાસ કરું છું પણ આજસુધી મને સફળતા મળી નથી.

૫.૨ ભારત સરકારના પશુ-પાલન અને ડેરી ઉદ્યોગ અંગેના ખાતા તરફથી તા. ૨૩-૮-૯૩ ના રોજ બહાર પડેલા પરિપત્ર ક્રમાંક ૧૮-૬૫/૯૨-એલડી-૩ની અંદર વીસ ભારતીય માપદંડો/નિયમો જાહેર થયેલા છે જે કતલખાનાંને તથા માંસના વ્યાપારને લાગુ પડે છે.

આ પરિપત્રનો મહત્ત્વનો અંશ કહે છે -
"જ્યાં જ્યાં આવશ્યક સગવડો મોજૂદ નથી ત્યાં એ હકીકત, સ્થાનિક સંસ્થાઓના વડાને જણાવવી જેથી સુધારણા થઈ શકે. આ બાબતમાં જો પ્રતિભાવ/સહકાર નબળો જણાય તો, સ્થાનિક સત્તાવાળાઓને જાણ કરવી કે તેઓ રાજ્ય સરકારને કહે કે તે કાનૂની જોગવાઈઓનો અમલ કરી આવી કામગીરી (કતલખાનાં) બંધ કરાવે."

૫.૯ નાની વયે કતલ થતાં પ્રાણીઓ

૩ થી ૧૦ વર્ષની વયે કતલ થતાં પ્રાણીઓ -

| | ગ્રામ્ય વિસ્તારમાં | શહેરી વિસ્તારમાં |
|---|---|---|
| બિહાર | ૮૨% | ૬૭% |
| જમ્મુ-કાશ્મીર }<br>કેરળ } | - | ૭૮.૯૯% |

ત્રણ વર્ષ કરતાં નાનાં ભેંસોનાં બચ્ચાં

| | |
|---|---|
| રાજસ્થાન | ૭૭% |
| ગુજરાત | ૬૨% |
| આંધ્રપ્રદેશ | ૪૯% |

૫.૧૦ ૬ માસથી ઓછી ઉંમરના બકરીના બચ્ચાં(લવારાં)

| | |
|---|---|
| બિહાર | ૪૮% |
| ગુજરાત | ૩૯% |
| કેરળ | ૩૬% |
| તામિલનાડુ | ૩૪% |
| ઉત્તરપ્રદેશ | ૧૦% |
| જમ્મુ-કાશ્મીર | ૯% |

(સીએલઆરઆઈ - ૧૯૮૭ - પૃ.૧૭૩)

૫.૧૧ છ માસથી ઓછી ઉંમરનાં ઘેટાંનાં બચ્ચાં

| | |
|---|---|
| ગુજરાત | ૩૬% |
| તામિલનાડુ | ૩૪% |
| રાજસ્થાન | ૨૨% |
| મહારાષ્ટ્ર | ૨૦-૨૧% |
| મધ્ય પ્રદેશ | ૧૭-૨૦% |
| આંધ્ર પ્રદેશ | ૧૭.૨૦% |

(સ્ત્રોત : સીએલઆરઆઈ, ૧૯૮૭ પૃ.૧૭૩)

બકરાનાં નાના બચ્ચાં અને ૩ માસથી નીચેનાં ઘેટાંનાં બચ્ચાં તેમજ ગર્ભવંતાં પ્રાણીઓને પણ કતલમાંથી બાકાત રાખવામાં આવતાં નથી. -
પૃ. ૯૦, સીએલઆરઆઈ રિપોર્ટ

જોકે કતલખાનાં વિશેનાં ધારધોરણો ને અંકુશો મુજબ તો ઓછી વયનાં પ્રાણીઓની કતલ પર પ્રતિબંધ છે પણ વ્યવહારમાં આવા નિયમોની ઉપેક્ષા જ થાય છે એવું આ હકીકતો પરથી સ્પષ્ટ થાય છે.

૫.૫ ૧૯૮૨ : ૧૯૭૧ મુજબ મરણ પહેલાંની તથા પછીની તપાસનો વિસ્તૃત હેવાલ રાખવો પડે છે પણ તપાસ થતી જ નથી; અને, કરવા ખાતર તપાસ થાય છે ત્યારે પણ એની માહિતી જાળવી રખાતી નથી.

૧૩૬૧ : ૧૯૯૧ મુજબ સલ્મોનેલ્લા, ઈ-કોલિ ઇત્યાદિનું પરીક્ષણ ફરજિયાત છે પણ આવી તપાસ માટે સગવડો સુધ્ધા નથી. તો પછી તપાસની તો વાત જ કેવી ? ખૂદ નવીનતમ કતલખાનાંમાં પણ આમાંથી મોટા ભાગની આવશ્યક શરતોનું પાલન થતું નથી.

૫.૬ ભારત સરકારનો માંસ અંગેનો ૨૫-૪-૧૯૯૪નો પરિપત્ર નં. ૧૮-૨૧/૯૨(માંસ) મુજબ ૧૮ વર્ષથી ઓછી વયનાં બાળકોને કતલખાનામાં તેમજ માંસના ધંધામાં નોકરીએ રાખવાના હોતાં નથી.

પણ મોટાભાગનાં કતલખાનાંમાં, ચામડાં ઉતારવાનાં તથા બીજાં અનેક કામોમાં બાળકોને લગાડવામાં આવે છે જેથી એ બાળકો લોહીની સૂગ ધરાવતાં અટકી જાય છે અને પ્રાણીઓના ચિત્કાર તથા બીજી ક્રૂરતાઓ અંગે અસંવેદનશીલ બની જાય છે.

૫.૭ ભારત સરકારના કેન્દ્રીય પ્રદૂષણ બોર્ડના ધારા મુજબ કતલખાનાંમાંથી નીકળતો કચરો-લોહી આદિ છોડવા માટે નીચેના ચાર નિયમો પાળવા પડે છે -

| કતલખાનું | દર લિટરે દસલાખ |
|---|---|
| બીઓડી ૫, ૨૦ સી ૫૨ | ૧૦૦ |
| લટકાવેલી સામગ્રી | ૧૦૦ |
| તેલ અને ચીકણો પદાર્થ | ૧૦ |

પણ આ નિયમોની, કશા ડર વગર, ઉપેક્ષા થાય છે.

૫.૮ કતલખાનાંની બહાર અનધિકૃત કતલ કરવાની પ્રવૃત્તિને પરિણામે થતી ગાયો-ભેંસો વગેરેની કતલ

| | |
|---|---|
| મધ્ય પ્રદેશ | ૬૦% |
| ઉત્તર પ્રદેશ | ૨૦% |

ઘેટાં-બકરાંની કતલ

| | |
|---|---|
| ગુજરાત | ૧૦૦% |
| જમ્મુ-કાશ્મીર | ૧૦૦% |
| મધ્યપ્રદેશ | ૮૦% |
| રાજસ્થાન | ૭૫% |
| બીજાં રાજ્યો | ૨૦ - ૭૫% |

(માહિતી સ્ત્રોત - CLRI ૧૮૭૮ પૃ.૮૯)

૫.૧૫.૩ પ્રાણીઓની માનવતાભરી રીતે કતલ કરવા અંગે,માંસ ઉદ્યોગે,પ્રાણીને મારતાં પહેલાં,પકડાયેલા પ્રાણીને બેભાન કરવા માટે બોલ્ટ પિસ્તોલ વાપરવાની હોય છે તે માંડ ૧ સેંટની કિંમતની પિસ્તોલ અમેરિકાનો માંસ ઉદ્યોગ વાપરતો નથી, કેમકે એના મતે એ બહુ જ ખર્ચાળ છે. આમ જો અમેરિકામાં આ સ્થિતિ હોય તો ભારતમાં તો બેભાન કરવાની પિસ્તોલ વાપરાવાનું જ કોણ? આમ, જાંબલી રંગનો ઉપયોગ હાનિકારક હોવાછતાં તેનો હાડપિંજર તથા માંસ માટે પ્રયોગ થાય જ છે.

૫.૧૬ કેરળમાં, ૧૯૬૦ના "પ્રાણીઓ પ્રત્યે ક્રૂરતા રોકવાના કાનૂન" હેઠળ, જે પ્રાણીઓ રોગથી પીડાતાં હોય તેમને, માનવી માંસ મેળવવા ખાતર, કતલ કરવા પર પ્રતિબંધ છે અને પ્રાણીઓને ક્રૂરતાપૂર્વક મારવાની મનાઈ છે. પણ, વ્યવહારમાં, આ બન્ને ધારાધોરણોનું પાલન થતું નથી.

અને, ભાગ્યયોગે, માંદાં અને રોગિષ્ટ પ્રાણીઓને જો તપાસ કરનાર અધિકારી, કતલ પૂર્વે જોઈ જાય છે તો એમને બહાર કાઢી દઈને, બીજે લઈ જઈને કતલ કરવામાં આવે છે!

૫.૧૭ માંસનું ઉત્પાદન કરવાની તથા માંસને વેચાણ અર્થે સાચવવા-સંભાળવાની પદ્ધતિઓ જો યોગ્ય રીતે સુધારવામાં નહિ આવે અને તેમનું નિયમન કરવામાં નહિ આવે તો એ બધું સ્વાસ્થ્ય માટે ભારે જોખમકારક બની રહેશે- આવો મત, ૧૯૮૭માં, સીએલઆરઆઈએ તેના અહેવાલમાં આપ્યો છે; છતાં, કોઈ જ કાર્યવાહી થઈ નથી. બીજી તરફ, નવાંનવાં કતલખાનાં ખોલી નિકાસ વધારવાની ચાલ ગોઠવાઈ રહી છે અને આ રીતે દેશના નાગરિકોનાં હિતોની ઉપેક્ષા થાય છે.

## ૬.૦ લોક-વિરોધ

૬.૧ ૧૨મી જાન્યુઆરી, ૧૯૮૨થી મુંબઈના દેવનાર ખાતે ચાલતા કતલખાના સામે, આચાર્ય વિનોબા ભાવે, શ્રી અચ્યુત પટવર્ધન આદિના આદેશથી, સત્યાગ્રહ ચાલી રહ્યો છે જે આજે ચૌદમા વર્ષમાં પણ ચાલુ રહ્યો છે. જગતના ઈતિહાસમાં આ સૌથી લાંબો સત્યાગ્રહ છે.

૬.૨ આઝાદી પૂર્વેના દિવસોમાં, જ્યારે અંગ્રેજોએ ખાતે કતલખાનું સ્થાપવાનો ઈરાદો દર્શાવ્યો હતો ત્યારે શ્રી જવાહરલાલ નેહરુએ કહ્યું હતું કે -

" મને કતલખાનાં બિલકુલ ગમતાં નથી. એવા કોઈપણ કતલખાનાની નજીકથી હું જ્યારે પસાર થાઉં છું ત્યારે મને રૂંધામણનો અનુભવ થાય છે. તરાપો મારતા કૂતરા અને ઉપર ભમતા કાગડા ને માખો એ એક ચીતરી ચડે તેવું દશ્ય છે. ઢોરો તો આપણા દેશની સંપત્તિ છે. એમની બરબાદી મને કદી ગમશે નહીં. આથી, લાહોરમાં સ્થપાનારા કતલખાનાનો હું ઉગ્ર વિરોધ કરું છું."

(એ વખતની વિદેશી સરકારને પણ મજબૂત લોક-વિરોધ સામે ઝૂકી જવું પડ્યું હતું. અને લાહોરનો ઉપરોક્ત પ્રકલ્પ રદ કરવો પડ્યો હતો.)

૬.૩ મહાત્મા ગાંધી- : " દેશનાં પ્રાણીઓ પ્રત્યે જે વ્યવહાર થાય છે તેના પરથી જ કોઈપણ દેશની મહાનતા અને તેની નૈતિક પ્રગતિનું મૂલ્યાંકન થઈ શકે છે."

૫.૧૨ અલ્પવયનાં પ્રાણીઓની સામૂહિક કતલને કાયમી બનાવવા માટે જ જાણે ૧૯૮૭ના એના રિપોર્ટમાં, સીએલઆરઆઈ શું કહે છે તે જુઓ -

"નિયમિત રીતે ચાલતા માંસ દેતાં પ્રાણીઓના ઉછેર-કેન્દ્રોનું મહત્ત્વ સમજી લેવાનો સમય પાકી ગયો છે - અને આવાં કેન્દ્રોને સતત મદદ મળે તેવો પ્રબંધ કરવાની તાતી જરૂર છે. આજે યુવાન તથા ઉત્પાદક પ્રાણીઓની જે અવિચારી કતલ થાય છે તેને અટકાવવાની તાતી જરૂર છે અને સાથેસાથે માંસ આપતાં પ્રાણીઓનો કુલ જથ્થો વધારવાની પણ જરૂર છે.

"આ બેવડું લક્ષ્ય સિધ્ધ કરવા માટે, દુકાનમાં કે ઘરમાં જ રાખીને જેમને ખોરાકી આપવામાં આવે તેવાં બકરાનાં, ઘેટાંના, ગાયો તથા ભેંસોનાં નાનાં બચ્ચાંનાં ઉછેર-કેન્દ્રો રાખી, તેમાં એ બચ્ચાંને જાડાં-પુષ્ટ કરવાનો હેતુ રાખી કામ કરવાની ગંભીર વિચારણા જરૂરી બની છે."

નોંધ : આ પ્રસ્તાવનાને કદી ટેકો ન અપાય, બલ્કે, એનો ઉગ્ર વિરોધ કરવો પડશે.

૫.૧૩ માંસની વ્યવસ્થા, વાહનવ્યવસ્થા, છૂટક વેચાણની દુકાનનું વાતાવરણ આદિ જરા પણ સંતોષજનક નથી. માંસને ખુલ્લું રાખવાથી તેમાં ધૂળ પડે છે અને તેના પર રક્ષણાત્મક ઢાંકણો રાખ્યા વગર જ માંસને છૂટક વેચાણની દુકાને લઈ જવાય છે.

૫.૧૪ અલ-કબિર, પંજાબ મિટ્સ, ગ્લોબલ ફૂડ્ઝ તેમજ દેશના જુદાજુદા ભાગોમાં ઊભાં થઈ રહેલાં બીજાં શહેરી વિસ્તારોનાં મોટાં કતલખાનાં વિશેના અભ્યાસ બાદ સીએલઆરઆઈ જણાવે છે -

" શહેરી વિસ્તારોમાં, યોગ્ય રીતે સજ્જ થયેલાં, આધુનિક કતલખાનાંની સ્થાપના કરવી તે પણ એક શક્યતા છે. જો કે આમ કરવાથી માંસનાં ઉત્પાદનની ગુણવત્તા વધશે; તેમ છતાં, એનાથી, જીવતાં પ્રાણીઓને લાવવા-લઈ જવાની બિનજરૂરી વાહનખર્ચની જવાબદારી, લાવતાં-લઈ જતાં પ્રાણીઓનાં મરણ થવાની બાબત, હેરફેર દરમિયાન પ્રાણીઓનાં વજનમાં થનારો ઘટાડો અને વચ્ચેનાં માણસો મારફતે પશુપાલક ખેડૂતોનું શોષણ, ટાળી શકાશે નહીં.

"જો કે માંસ અને કતલખાનાં અંગેની વર્તમાન રીતભાતથી વધારે પ્રશ્નો ખડા થાય છે અને લાભો તથા ફાયદાને બદલે વધારે નુકસાની સર્જાય છે તેથી, શહેરી-કેન્દ્રોમાં માત્ર કતલખાનાંની સંખ્યા વધારવાથી પરિસ્થિતિમાં સુધારો થવાનો સંભવ નથી."

(સ્ત્રોત : સીએલઆરઆઈ રિપોર્ટ ૧૯૮૭,પૃ.૯૧)

આમ છતાં કેન્દ્રીય તથા રાજ્ય સરકારો એક પછી એક, વધુને વધુ મોટાં કતલખાનાં ઊભાં કરવામાં પ્રવૃત્ત છે.

૫.૧૫ અમેરિકાનાં સંયુક્ત રાજ્યો (U.S.)નું ચિત્ર-

૫.૧૫.૧ કતલ થયેલાં દર અઢી લાખ પ્રાણીઓ પૈકી ૧થી પણ ઓછાં પ્રાણીઓની ઝેરી રાસાયણિક અવશેષો માટે પરીક્ષા કરાય છે.

૫.૧૫.૨ માંસ પર વાયોલેટ રંગ વપરાય છે- જોકે એથી ઝેરી તત્ત્વો ભળે છે એમ સાબિત થયા બાદ એ રંગ પર પ્રતિબંધ છે.

બીજા શબ્દોમાં, વિદેશી હુંડિયામણની એટલી જ રકમ રળવા માટે ભારતને પોતાનાં ૨.૫ થી ૩ ગણાં વધારે જાનવરો, (માત્ર ઘેટાં સિવાયનાં જાનવરો ) કાપવાં પડે છે; પણ નિકાસના ૧૨% જેટલો જ જથ્થો છે. આ મળતર પણ અનીતિમય છે કેમકે મારી નાખેલાં ઘણાં ઘેટાં છ માસની વયનાં હોય છે અને બકરાંનાં કુમળાં બાળકો/લવારાંને પણ છોડાતાં નથી - આ બધું જ તમામ નિયમો ને ધારાધોરણોથી વિરુદ્ધ છે.

૭.૩ નિકાસ-નીતિમાં (પૃ.૭૭ પર) ગોમાંસ, રેલો, ચરબી અને માછલીના તેલ સિવાયનું બીજા કોઈપણ પ્રાણીજન્ય તેલની નિકાસ પ્રતિબંધિત છે.

નોંધપાત્ર છે કે એ પ્રતિબંધમાં કુમળી વયંના જાનવરો તથા લવારાં/બચ્ચાંના માંસ (Veal) પર પ્રતિબંધનો સમાવેશ નથી.

૭.૪ માંસને જ્યારે શીતગારમાં ઠંડું કરવામાં આવે છે કે 'ફ્રિઝ' કરવામાં આવે છે ત્યારે ગોમાંસ અને ભેંસનું માંસ એ બે વચ્ચેનો ભેદ કરવો મેશ્કેલ બને છે.

૭.૫ પ્રાણી કલ્યાણ સંસ્થા, ભારત (ભારત સરકારની સંસ્થા છે અને પર્યાવરણ તથા વન મંત્રાલય હેઠળ ચાલે છે) તરફથી, હૈદરાબાદ ખાતે, માર્ચ ૧૨, ૧૯૯૪માંજ મળેલી એની કાર્યવાહક સમિતિની સભામાં સર્વસંમતિથી ઠરાવ થયો હતો કે -

" આ સભાએ ઠરાવ્યું છે કે માંસ, માંસ આપતાં પ્રાણીઓ અને માંસની પેદાશોની નિકાસ પર પ્રતિબંધ મૂકવાની ભલામણ કરવી. "

૭.૬ આમ છતાં, નિકાસને પ્રોત્સાહન આપવા માટે જ, સરકારના આશ્રય હેઠળ તથા નેજા હેઠળ નીચેનાં ખાતાં, વિભાગો કે સંસ્થાઓ કામ કરી કહી છે -

| ખાતું, સંસ્થા કે વિભાગ | એનાં મહત્ત્વનાં કાર્યો |
|---|---|
| ૧. માંસ અને માંસનીપેદાશોનું એકમ, પ્રાણી-પાલન અને ડેરી ઉદ્યોગનો વિભાગ, ખેતીવાડી મંત્રાલય, ભારત સરકાર | - માંસના તથા માંસની પેદાશોના વિભાગના વિકાસને લગતી તમામ બાબતો/કામગીરી;<br>- કતલખાનાંની સુધારણાની તથા તેમના આધુનિકીકરણની પ્રવૃત્તિને પ્રોત્સાહન;<br>- કંકાલોના ઉપયોગને વેગ આપવો તથા તેમની ખાલ કાઢવા માટે કેન્દ્રો વિકસાવવાં |
| ૨. ખાદ્યાન્ન અંગે પ્રક્રિયા કરતા ઉદ્યોગોનું મંત્રાલય | - માંસ તથા માંસની પેદાશોની પ્રક્રિયાનો વિભાગ |
| ૩. ગ્રામીણ વિકાસ મંત્રાલય હેઠળ ચાલતો, માર્કેટિંગ તથા ઈન્સ્પેશન(તપાસ) વિભાગ | - દેશમાં તથા દેશબહાર વપરાશ માટેના હેતુથી પશુધનની પેદાશોના માર્કેટિંગને પ્રોત્સાહન આપવું;<br>- ૧૯૭૩ નો માંસ ખાદ્યાન્ન હુકમ અમલમાં મૂકવો. |
| ૪. કૃષિ સંબંધિત અને પ્રક્રિયા સંબંધિત ખાદ્યાન્ન પેદાશોની નિકાસના વિકાસ માટેનું સત્તામંડળ | - માંસની પેદાશોના નિકાસને પ્રોત્સાહન |
| ૫. વાણિજ્ય મંત્રાલય હેઠળની નિકાસની તપાસ માટેની સમિતિ | - માંસ અને માંસની પેદાશોની નિકાસનું નિયંત્રણ |

૬.૪ ગાયનું દૂધ એ પુનઃ સાજા થવાનું તથા તંદુરસ્તીનું પ્રધાન સાધન છે. ગોમાંસ તો એક રોગ છે-હઝરત મહંમદ પયગંબર સાહેબ.

૬.૫ આજકાલ ડેરા બાસ્સી, અલિગઢ, આગ્રા, હૈદ્રાબાદ, અને મધ્યપ્રદેશમાં આવેલાં કતલખાનાં સામે અભૂતપૂર્વ લોક-આંદોલનો ચાલી રહ્યાં છે.

૬.૬ રાજસ્થાન તથા દિલ્હીની રાજ્ય સરકારોએ જાહેર કર્યું છે કે એ બન્ને રાજ્યોમાં નવાં કતલખાનાં સ્થપાશે નહીં.

૬.૭ 'પંજાબ મિટ્સ લિ.'એ શરૂ કરેલાં ડેરા બાસ્સી ખાતેના કતલખાનાનો કાર્યક્રમ બંધ કરી દેવાની જાહેરાત, પંજાબના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી સ્વ. બિયતસિંહે વિધાનસભા સમક્ષ કરી હતી. આ અંગે જાણકારોના અહેવલો હતા કે વિધાનસભામાં માત્ર ઘોષણા કરવાથી કામ પૂરું થતું નથી. પણ એ માટે યોગ્ય અધિકૃત હુકમો કરવા જરૂરી છે.

આમ છતાં, આપણી કેન્દ્રીય સરકાર, પ્રજાના ઉગ્ર આંતર્નાદ છતાં, અને પંડિત નહેરુ જેવા મહાનુભાવોના જાહેર ઉદ્દ્ગારો છતાં, કતલખાનાંને પ્રોત્સાહન આપવા કટિબધ્ધ છે-આ બાબત ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે.

## ૭.૦ માંસના નિકાસ અંગેની નીતિ

૭.૧ માંસનો નિકાસ - કોઠો-૫ (ભારતીય ડેરી ઉદ્યોગ,૧૯૯૫ અહેવાલ મુજબ)

નિકાસનો જથ્થો / મળેલી કિંમત
(નિકાસનો જથ્થો ટનમાં બતાવ્યો છે અને કિંમત દર કિલોગ્રામે દર્શાવી છે.)

| | ૧૯૯૧-૯૨ | | ૧૯૯૨-૯૩ | | ૧૯૯૩-૯૪ | |
|---|---|---|---|---|---|---|
| ભેંસનું માંસ | ૧૫.૩ | રૂા.૨૨.૬ | ૧૩.૮ | રૂા.૨૬.૮ | ૩૮.૬ | રૂા.૨૮.૭ |
| ભેંસનું શીત કરેલું માંસ | ૬૬.૧ | રૂા.૨૩.૪ | ૬૮.૭ | રૂા.૨૫.૮ | ૬૩.૫ | રૂા.૨૬.૯ |
| ઘેટા/બકરાં | ૭.૬ | રૂા.૪૪.૯ | ૭.૪ | રૂા.૫૪.૫ | ૧૨.૪ | રૂા.૪૮.૪ |

ઉપરનો કોઠો દર્શાવે છે કે નિકાસમાંથી થતી મળતર એ આપણા સ્વદેશી માર્કેટ કરતાંય ઓછી છે. બકરાં-ઘેટાંના માંસની કિંમત ૧૯૯૩-૯૪માં દર કિલોએ રૂા.૫૪.૫ પરથી રૂા.૪૮.૪ પર આવી ગઈ છે.

૭.૨ દર ટને માંસની કિંમતની તુલના - અમેરિકન ડોલરમાં

| | ભારતમાં | દુનિયામાં | કિંમત/મળતર |
|---|---|---|---|
| માંસ (તાજું, ઠંડું કરેલું ઈ.) | ૧૦૮૮ | ૨૫૪૯ | ૪૨.૭% |
| માંસ (ગાય-ભેંસનું તાજું ) | ૧૦૧૧ | ૩૧૦૬ | ૩૨.૫% |
| માંસ (ઘેટાંનું તાજું ) | ૨૧૭૧ | ૨૧૨૦ | ૧૦૨.૦% |

| | | |
|---|---|---|
| ૬. | ભારતીય ધોરણો (માનાંકો કે સ્ટૅન્ડર્ડ્ઝ)નું કાર્યાલય | - માંસ અને માંસની પેદાશો માટેનાં ધોરણો(સ્ટૅન્ડર્ડ્ઝ) વિકસાવવાં |
| ૭. | રાજ્ય સરકારોના પશુપાલન વિભાગો | - માંસ આપતાં પ્રાણીઓના ઉત્પાદનને પ્રોત્સાહન |
| ૮. | રાજ્યોનાં માંસ-સંગઠનો/નિગમો | - માંસના ઉત્પાદન તથા વેચાણ-વિતરણની ગતિવિધિને પ્રોત્સાહન |
| ૯. | નગરપાલિકાઓ/નગરનિગમો | - આરોગ્યદાયક માંસ પેદા કરવું અને તેનાં વેચાણ કેન્દ્રોને નિયમથી ચલાવવાં |
| ૧૦. | પશુચિકિત્સા માટેની કોલેજોના માંસ વિભાગો | - માંસ તથા માંસની પેદાશોના ક્ષેત્રોમાંની શિક્ષણ, તાલીમ,સંશોધન તથા વિસ્તરણ સેવાની પ્રવૃત્તિઓ ચલાવવી |
| ૧૧. | કેન્દ્રીય શોધ-સંસ્થા | - માંસ ક્ષેત્રે સંશોધન તથા નિકાસની પ્રવૃત્તિઓ કરવી |
| ૧૨. | અખિલ ભારતીય પશુ-ધન (ઢોર) તથા માંસ નિકાસ કરનારાઓનો સંઘ | - ઢોર તથા માંસની નિકાસની વૃદ્ધિ કરવી |

(સ્ત્રોત : ભારતમાં ડેરી ઉદ્યોગ ૧૯૯૫)

૭.૭ કતલખાનાંને પ્રોત્સાહન આપવા માટે નીચેની સંસ્થાઓ સક્રિય છે -

૧. ગોવા મીટ કોમ્પલેક્ષ, ગોવા
૨. એનિયલ ફૂડ કોર્પોરેશન (પ્રા.) લિ., બેંગલોર,
૩. આંધ્ર પ્રદેશ રાજ્ય મીટ એન્ડ પોલ્ટ્રી ડેવલેપમેંટ કોર્પોરેશન, હૈદરાબાદ
૪. વેસ્ટ બેંગૉલ લાઈવસ્ટોક(ઢોર) પ્રોસેસિંગ એન્ડ ડેવલેપમેંટ કોર્પોરેશન, કલકત્તા
૫. તામિલનાડુ મીટ કોર્પોરેશન લિ., મદ્રાસ
૬. દિલ્લી લાઈવસ્ટોક(ઢોર) પ્રોસેસિંગ એન્ડ ડેવલેપમેંટ કોર્પોરેશન
૭. જમ્મુ-કાશ્મીર રાજ્યો ઘેટાં અને ઘેટાંની પેદાશ સંસ્થા, શ્રીનગર
૮. મીટ પ્રોડ્કટ્સ ઓફ ઈન્ડિયા લિમિટેડ, ત્રિવેન્દ્રમ
૯. સિક્કિમ રાજ્ય લાઈવસ્ટોક(ઢોર) પ્રોસેસિંગ એન્ડ ડેવલેપમેંટ કોર્પોરેશન, ગંગટોક

આ સંસ્થાઓને નાણાં પૂરાં પાડવાની પદ્ધતિ હતી; ઈક્વીટી શેર કેપિટલ(શેરભંડોળ) પૂરી પાડવાની રીત.
(સ્ત્રોત : ભારતમાં ડેરી ઉદ્યોગ ૧૯૯૫)

## ૮.૦ ઉપસંહાર

છેલ્લે, ઉપર આપેલી આધારભૂત માહિતી પરથી જે એક માત્ર નિષ્કર્ષ નીકળે છે તે એ છે કે માંસ અને ખાસ કરીને માંસની કોઈ પણ રૂપમાં નિકાસ કરવી તે આર્થિક રીતે બિન-ફાયદાકારક છે, પર્યાવરણ-વિરોધી છે, ખેડૂત-વિરોધી છે, બંધારણ-વિરોધી છે અને સાથેસાથે ગ્રાહકો/વપરાશકારોને માટે તંદુરસ્તીનાં મોટાં જોખમો રૂપ છે.

ભાષાંતર : ડૉ. અમૃત ઉપાધ્યાય

૨. દુર્ભિક્ષ કે દુકાળમાં ટકી રહેવાની શક્તિવાળી ૨૮ પ્રાણી-જાતો

| | | | |
|---|---|---|---|
| ૧. નાગોરી | ૮. પનવર | ૧૫. હરિયાણા | ૨૨. કાંકરેજી |
| ૨. બર્ગુર | ૯. હોલ્લિકર | ૧૬. ઓંગોલે | ૨૩. લાલ કંદહારી |
| ૩. માળવી | ૧૦. કૃષ્ણ-ખીણ | ૧૭. ગિર | ૨૪. સિંધી |
| ૪. સિરિ | ૧૧. બાચૌર | ૧૮. રાથી | ૨૫. ગિર |
| ૫. અમૃતમહલ | ૧૨. કંગ્યમ | ૧૯. ડાંગી | ૨૬. સાહિવાલ |
| ૬. ખિલ્લારી | ૧૩. ખૈરગઢ | ૨૦. દેવની | ૨૭. થરપાર્કર |
| ૭. કંકઠ | ૧૪. ગાઓલાઓ | ૨૧. નિમારી | ૨૮. મેવાતી (કોશી) |

૩. ઉપરની ૨૮ જાતો ઉપરાંત બીજી આઠ જાતો નીચે દર્શાવી છે પણ તેમનાં લક્ષણો હાલ ઉપલબ્ધ નથી -


| | | | |
|---|---|---|---|
| ૧. અલંબાડી | ૩. પુલિકુલમ | ૫. પુલિકુલમ | ૭. કેવી શ્યામ |
| ૨. ખડિયાલી | ૪. બિંઝરપુરી | ૬. ઉમલાચેરૂરી | ૮. શાહબાદી |

૪. નીચેની છ જાતો નષ્ટ થઈ ગઈ છે.

| | | |
|---|---|---|
| ૧. અલંબાડી | ૩. બિંઝરપુરી | ૫. ખટિયાલી |
| ૨. પુલિકુલમ | ૪. બર્ગુર | ૬. રાયચુરી |

૫. થરપારકર જાતિ નાશ થવાની અણી પર છે. અહીંના બળદો, ઝડપી ઘોડાઓ કરતાં, વધારે ઝડપથી એટલે કે ૨૪ કલાકમાં ૨૦૦ કિ.મી. મુસાફરી કરતા હતા.

૬. સંકર જાતીનાં વધારે દૂધાળાં ઢોરોનો ઝડપી વિકાસ કરવાના કાર્યક્રમોને લીધે બીજી પણ ઘણી જાણીતી પ્રાણી-જાતો નાબૂદ થઈ જશે; કેમકે નવી સંકર જાતોમાં વધુને વધુ ભાર દૂધના પ્રમાણ પર મુકાયછે અને પ્રાણીની દુર્ભિક્ષ સહેવાની શક્તિને ઓછી માનવામાં કે અવગણવામાં આવે છે.


જમ્મુ કાશ્મીર
હિમાચલ પ્રદેશ
પંજાબ
હરિયાણા
રાજસ્થાન
ઉત્તર પ્રદેશ
બિહાર
ગુજરાત
મધ્ય પ્રદેશ
ઓરિસ્સા
મહારાષ્ટ્ર
આંધ્ર પ્રદેશ
કર્ણાટક
તમિલનાડુ
આસામ
અરુણાચલ પ્રદેશ